## સર્જનની કથા

૧ પ્રારંભમાં પરમેશ્વરે આકાશ અને પૃથ્વી
સર્જ્યાં. [2]પૃથ્વી અસ્તવ્યસ્ત અને શૂન્ય
હતી, અને અથાગ જલરાશિ ઉપર અંધકાર
છવાયેલો હતો, અને પાણી પર ઈશ્વરની શક્તિ
ઘૂમતી હતી. [3]ઈશ્વરે કહ્યું, "પ્રકાશ પ્રગટો," અને
પ્રકાશ પ્રગટયો. [4]અને તે ઈશ્વરને સારો લાગ્યો.
[5]પછી ઈશ્વરે પ્રકાશને અંધકારથી જુદો પાડયો,
અને તેણે પ્રકાશને 'દિવસ' કહ્યો અને અંધકારને
'રાત્રિ' કહી. સાંજ પડી અને સવાર થયું. પહેલો
દિવસ પૂરો થયો.

[6]પછી ઈશ્વરે કહ્યું, "પાણીની વચ્ચે ઘુંમટ
બની જાઓ અને પાણીથી પાણીને જુદાં પાડો,"
અને એમ જ થયું. [7]ઈશ્વરે ઘુંમટ બનાવ્યો
અને ઘુંમટની નીચેનાં પાણીને ઘુંમટની ઉપરનાં
પાણીથી જુદાં પાડયાં. [8]ઈશ્વરે ઘુંમટને
'આકાશ' કહ્યું. પછી સાંજ પડી અને સવાર
થયું. બીજો દિવસ પૂરો થયો.

[9]પછી ઈશ્વરે કહ્યું, "આકાશ નીચેનાં
પાણી એક જગ્યાએ ભેગાં થાઓ અને કોરી
જમીન નજરે પડો." અને એમ જ થયું.
[10]ઈશ્વરે કોરી જમીનને 'પૃથ્વી' કહી અને
ભેગાં થયેલાં પાણીને 'સાગર' કહ્યો. અને
ઈશ્વરને એ સારું લાગ્યું. [11]પછી ઈશ્વરે કહ્યું,
"પૃથ્વી વનસ્પતિ પેદા કરે: અનાજ આપનાર
છોડવા અને ફળ આપનાર ઝાડ પેદા કરે.
દરેકમાં પોતપોતાની જાતનાં બીજ હોય," અને
એ પ્રમાણે થયું; [12]પૃથ્વીએ વનસ્પતિ પેદા
કરી: પોતપોતાની જાતનાં બીજ આપતા છોડવા
અને પોતપોતાની જાતનાં જેમાં બીજ હોય
એવાં ફળ આપનાર વૃક્ષો. અને ઈશ્વરને એ
સારું લાગ્યું. [13]આમ સાંજ પડી અને સવાર
થયું. ત્રીજો દિવસ પૂરો થયો.

[14]પછી ઈશ્વરે કહ્યું, "રાત્રિ અને દિવસને
જુદાં પાડવા આકાશના ઘુંમટમાં દીવા પ્રગટો;
[15]તેઓ ઋતુઓ, દિવસો અને વરસોની
એંધાણી તરીકે કામ આવો, અને તેઓ આકા-
શના ઘુંમટમાં જ્યોતિરૂપે રહી પૃથ્વી ઉપર
પ્રકાશ પાથરો," અને એ પ્રમાણે થયું. [16]ઈશ્વરે
બે મોટા દીવા બનાવ્યા, તેમાંનો મોટો દિવસે
અમલ ચલાવવા અને નાનો રાત્રે અમલ ચલાવવા.
તેણે તારાઓ પણ બનાવ્યા. [17]તે બધાને ઈશ્વરે
પૃથ્વી ઉપર પ્રકાશ પાથરવાને, [18]દિવસ અને
રાત્રિ ઉપર અમલ ચલાવવાને અને પ્રકાશ
અને અંધકારને જુદા પાડવાને આકાશના
ઘુંમટમાં ગોઠવ્યા. ઈશ્વરને એ સારું લાગ્યું.
[19]આમ સાંજ પડી અને સવાર થયું. ચોથો દિવસ
પૂરો થયો.

20પછી ઈશ્વરે કહ્યું, "સાગર જળચરોથી
ઊભરાઈ જાઓ અને પંખીઓ પૃથ્વીની ઉપર
અને આકાશના ઘુંમટની નીચે ઊડો." 21અને
ઈશ્વરે રાક્ષસી માછલીઓ અને બધી જાતના
જળચર જીવો તેમ જ બધી જાતનાં પંખીઓ
પેદા કર્યાં. ઈશ્વરને એ સારું લાગ્યું. 22પછી
ઈશ્વરે તેમને એમ કહીને આશીર્વાદ આપ્યા કે,
"પ્રજા ઉત્પન્ન કરો, વંશવેલો વધારો, અને
સમુદ્રનાં પાણીને ભરી દો. અને પંખીઓ પૃથ્વી
ઉપર વંશવેલો વધારો." 23આમ સાંજ પડી
અને સવાર થયું અને પાંચમો દિવસ પૂરો થયો.

24પછી ઈશ્વરે કહ્યું, "પૃથ્વી બધી જાતનાં
પ્રાણીઓ પેદા કરો: દરેક જાતનાં ઢોર, પેટે
ચાલનારાં પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓ,"
અને એમ જ થયું. 25ઈશ્વરે બધી જાતનાં
ઢોરો, બધી જાતનાં જંગલી પ્રાણીઓ, અને
બધી જાતનાં પેટે ચાલનારાં પ્રાણીઓ બનાવ્યાં.
અને ઈશ્વરને એ સારું લાગ્યું.

26પછી ઈશ્વરે કહ્યું, "આપણે માણસ
બનાવીએ, જે આપણી પ્રતિમૂર્તિરૂપ અને
આપણને મળતો આવતો હોય; અને સમુદ્રમાંનાં
માછલાં ઉપર, અને આકાશમાંનાં પંખીઓ
ઉપર, અને ઢોરો ઉપર અને બધાં જ જંગલી
પ્રાણીઓ ઉપર અને પેટે ચાલનારાં બધાં પ્રાણીઓ
ઉપર તે હકૂમત ચલાવે." 27આથી ઈશ્વરે
પોતાની પ્રતિમૂર્તિરૂપ માણસને પેદા કર્યો.
તેણે માણસોને સ્ત્રી અને પુરુષ બનાવ્યાં. 28પછી
ઈશ્વરે તેમને આશીર્વાદ આપ્યા, તેમને કહ્યું,
"પ્રજા ઉત્પન્ન કરો, વંશવેલો વધારો, પૃથ્વીને
ભરી દો અને તેને તાબે કરો અને દરિયાનાં
માછલાં ઉપર, આકાશમાંનાં પંખીઓ ઉપર,
અને પૃથ્વી ઉપર હરતાંફરતાં બધાં પ્રાણીઓ
ઉપર હકૂમત ભોગવો." 29પછી ઈશ્વરે
કહ્યું, "જુઓ, મેં તમને પૃથ્વીના પડ ઉપર
થનારા બધી જાતના અનાજ પેદા કરનારા
છોડવા, અને દરેક જાતનાં બીવાળાં ફળનાં
ઝાડ આપ્યાં છે; એ તમારે ખાવા ચાલશે.
30અને પૃથ્વી પરના દરેક પ્રાણીને અને આકાશ-
માંના દરેક પંખીને તેમ જ પૃથ્વી ઉપર પેટે
ચાલનાર દરેક જીવને મેં બધી લીલોતરી ખાવા
આપી છે." અને એમ જ થયું. 31અને ઈશ્વરને
પોતે બનાવેલું બધું ખૂબ જ સારું લાગ્યું. આમ
સાંજ પડી અને સવાર થયું અને એમ છઠ્ઠો
દિવસ પૂરો થયો.

૨ આ રીતે આકાશ અને પૃથ્વી તેમ જ
તેમાંનું બધું બનાવવાનું પૂરું થયું. 2ઈશ્વર
જે કામ કરતો હતો તે એણે સાતમે દિવસે પૂરું
કર્યું. પોતે જે કાંઈ કરતો હતો તે સાતમે દિવસે
પતાવી તે દિવસે તેણે કામ બંધ કર્યું. 3આથી
તેણે સાતમા દિવસને આશીર્વાદ આપ્યો અને
તેને પવિત્ર ઠરાવ્યો, કારણ, એ દિવસે એણે
સર્જનકાર્ય પતાવી કામ બંધ કર્યું હતું. 4આ છે
આકાશ અને પૃથ્વીના સર્જનની વાત.

## આનંદ-વાટિકા

જ્યારે પ્રભુ પરમેશ્વરે પૃથ્વી અને આકાશ
બનાવ્યાં 5ત્યારે પૃથ્વી ઉપર કોઈ ખેતરનો
છોડ નહોતો કે કોઈ વનસ્પતિ પણ નહોતી,
કારણ, પ્રભુ પરમેશ્વરે પૃથ્વી ઉપર વરસાદ
વરસાવ્યો નહોતો અને ધરતીને ખેડવા કોઈ
માણસ નહોતો; 6પણ ધરતીમાંથી ઝરણું ઉપર
ચડતું હતું અને તે ધરતીના આખા પડને ભીનું
બનાવતું હતું. 7ત્યાર પછી પ્રભુ પરમેશ્વરે ધર-
તીની માટીમાંથી માણસ ઘડયો અને તેના નસકો-
રામાં પ્રાણ ફૂંક્યો એટલે માણસમાં જીવ આવ્યો.

8પછી પ્રભુ પરમેશ્વરે પૂર્વ દિશામાં
એદનમાં બગીચો બનાવ્યો અને પોતે જે માણસ
ઘડયો હતો તેને તેમાં મૂક્યો. 9પછી પ્રભુ
પરમેશ્વરે જમીનમાંથી દરેક જાતનાં ઝાડ
ઉગાડયાં, જે દેખાવમાં સુંદર હોય અને જેનાં
ફળ ખાવામાં સારાં હોય. બગીચાની વચમાં
જીવનનું વૃક્ષ અને સારાસારના જ્ઞાનનું વૃક્ષ
પણ ઉગાડયું.

10બગીચાને પાણી પાવા માટે એદનમાંથી
એક નદી વહેતી હતી; ત્યાં તેના ચાર ફાંટા પડી
ચાર નદી બની જતી. 11તેમાંની પહેલીનું નામ
પિશોન છે, તે જ્યાં સોનું પાકે છે તે હવીલાના
આખા પ્રદેશની ફરતે વહે છે. 12એ પ્રદેશનું
સોનું સારું છે. ત્યાં પન્ના અને અકીક પણ મળે
છે. 13બીજી નદીનું નામ ગિહોન છે; એ કુશના
આખા પ્રદેશની ફરતે વહે છે. 14ત્રીજી નદીનું
નામ તિગ્રીસ છે, જે અશૂરની પૂર્વમાં વહે છે,
અને ચોથી નદી તે ફ્રાત.

15પ્રભુ પરમેશ્વરે એદનના બગીચાને
ખેડવા અને સંભાળવા માટે માણસને લઈને તેમાં
મૂક્યો. 16તેણે તેને એવી આજ્ઞા કરી કે, "તારે
બગીચામાંનાં બધાં ઝાડનાં ફળ છૂટથી ખાવાં,
17પણ સારાસારના જ્ઞાનના વૃક્ષનાં ફળ તારે

ખાવાં નહિ, કારણ, જે દિવસે તું એ ફળ
ખાશે તે દિવસે તારું મોત નિશ્ચિત માનજે."

18પછી પ્રભુ પરમેશ્વરે કહ્યું: "માણસ
એકલો રહે એ સારું નથી. હું એને માટે એક
લાયક મદદ કરનાર બનાવીશ." 19એટલે પછી
પ્રભુ પરમેશ્વરે ધરતીમાંથી બધી જાતનાં જંગલી
પ્રાણીઓ અને બધી જાતનાં આકાશનાં પંખીઓ
બનાવ્યાં. પછી માણસ તેમનાં શાં નામ પાડે છે
એ જોવા બધાંને તેની આગળ લઈ આવ્યો;
20અને માણસે દરેક પ્રાણીનું જે નામ પાડયું
તે જ તેનું નામ થઈ ગયું. માણસે બધાં ઢોરોનાં,
આકાશનાં પંખીઓનાં અને જંગલી પ્રાણી-
ઓનાં નામ પાડયાં; પણ માણસને પોતાને માટે
એને લાયક કોઈ મદદગાર મળ્યું નહિ.

21એટલે પ્રભુ પરમેશ્વરે માણસને ગાઢ
ઊંઘમાં નાખી દીધો, અને તે ઊંઘતો હતો ત્યારે
તેની એક પાંસળી કાઢી લીધી અને તેની જગ્યા
માંસથી પૂરી દીધી. 22પછી માણસમાંથી જે
પાંસળી કાઢી લીધી હતી તેમાંથી એક સ્ત્રી
બનાવી પ્રભુ પરમેશ્વર તેને માણસ આગળ
લઈ આવ્યો. 23એટલે માણસ બોલી ઊઠયો:

"આ તો હવે મારા હાડમાંનું જ હાડ છે
અને મારા માંસમાંનું જ માંસ છે.
એ નારી કહેવાશે, કારણ, એને નરમાંથી
કાઢવામાં આવેલી છે."

24આ જ કારણથી પુરુષ પોતાનાં માબાપને
છોડી જાય છે અને પોતાની વહુને વળગી રહે છે,
અને તે બંને એકદેહ બની જાય છે.

25હવે, આ પુરુષ અને તેની સ્ત્રી બંને
નવસ્ત્રાં હતાં, છતાં તેમને શરમ નહોતી આવતી.

## માનવીનું પતન

3 હવે, પ્રભુ પરમેશ્વરે બનાવેલા કોઈ પણ
જંગલી પ્રાણી કરતાં સાપ વધારે લુચ્ચો
હતો. તેણે પેલી સ્ત્રીને કહ્યું, "તમારે વાડીમાંના
કોઈ પણ વૃક્ષનાં ફળ ખાવાં નહિ એવું ઈશ્વરે
તમને કહ્યું છે એમ ને?"

2સ્ત્રીએ જવાબ આપ્યો, "વાડીમાંનાં
ઝાડનાં ફળ ખાવાની તો અમને છૂટ છે, પણ
3ઈશ્વરે એમ કહ્યું છે કે, 'વાડીમાં વચ્ચોવચ જે
ઝાડ છે તેનાં ફળ તમારે ખાવાં નહિ, તેમ તેને
અડવું પણ નહિ, નહિ તો મરી જશો.'"

4સાપે સ્ત્રીને કહ્યું, "તમે મરી નહિ જાઓ.
5પણ ઈશ્વર જાણે છે કે તમે એ ખાશો તો
તમારી આંખો ઊઘડી જશે અને તમે દેવ જેવાં
બની જશો, તમને પણ સારાસારનું જ્ઞાન થશે."

6સ્ત્રીને ખબર પડી કે એ ઝાડનાં ફળ
ખાવામાં સારાં છે, દેખાવમાં સુંદર છે અને
લોભામણાં છે, કારણ, એમાંથી જ્ઞાન પ્રાપ્ત
થાય છે. એટલે તેણે તે ઝાડનું ફળ લઈને ખાધું,
અને પોતાની પાસે ઊભેલા પતિને પણ આપ્યું,
અને તેણે પણ તે ખાધું. 7પછી બંનેની આંખ
ઊઘડી ગઈ અને તેમને ખબર પડી કે પોતે
નવસ્ત્રાં છે; એટલે તેમણે અંજીરનાં પાંદડાં ભેગાં
સીવીને પોતાનાં અંગ ઢાંકયાં.

8પેલા માણસે અને તેની પત્નીએ દિવસના
ઠંડા પહોરે વાડીમાં પ્રભુ પરમેશ્વરના ફરવાનો
અવાજ સાંભળ્યો, અને તેઓ પ્રભુ પરમેશ્વરની
નજર આગળથી વાડીનાં ઝાડમાં છુપાઈ ગયાં.

9પરમેશ્વરે માણસને બૂમ મારી, "તું
કયાં છે?" 10એટલે માણસ બોલ્યો, "વાડીમાં

તમારો પગરવ સાંભળીને હું ગભરાયો, કારણ,
હું નવસ્રો હતો, એટલે સંતાઈ ગયો."
11 પ્રભુ પરમેશ્વરે પૂછયું, "તને કોણે કહ્યું
કે તું નવસ્રો છે? જે ઝાડનાં ફળ ખાવાની મેં તને
ના પાડી હતી તેનાં ફળ તેં ખાધાં તો નથી ને?"
12 માણસે કહ્યું, "જે સ્ત્રી તમે મારી સાથે
રહેવા આપી છે તેણે મને એ ઝાડનાં ફળ આપ્યાં
ને મેં ખાધાં."
13 પછી પ્રભુ પરમેશ્વરે તે સ્ત્રીને કહ્યું,
"તેં આ શું કર્યું?"
સ્ત્રી બોલી, "સાપે મને ભોળવી એટલે
મેં ખાધાં."

## પતનનાં પરિણામ

14 પ્રભુ પરમેશ્વરે સાપને કહ્યું, "તેં આ
કર્યું છે એટલે બધાં ઢોરો અને જંગલનાં પ્રાણી-
ઓમાં તું શાપિત થયો છે. તારે જીવતાં સુધી પેટ
ઘસડીને ચાલવું પડશે, અને ધૂળ ફાકીને રહેવું
પડશે. 15 હું તારી અને આ સ્ત્રીની વચ્ચે અને
તારા વંશ અને એના વંશ વચ્ચે વેર જગાડીશ.
એનો વંશ તારું માથું કચરશે અને તું એની
એડીએ કરડીશ."
16 સ્ત્રીને તેણે કહ્યું, "પ્રસૂતિ વખતે તારે
ભારે વેદના વેઠવી પડે એમ હું કરીશ. છોકરાંને
જન્મ આપતાં તને પુષ્કળ વેદના થશે, છતાં
તું તારા પતિનો સંગ ઇચ્છયા કરીશ અને તે
તારા ઉપર સ્વામિત્વ ચલાવશે."
17 માણસને તેણે કહ્યું, "જે ઝાડનાં ફળ
ખાવાની મેં તને ના પાડી હતી તેનાં ફળ તેં
તારી વહુની વાત માનીને ખાધાં એટલે તારે
લીધે આ ધરતી શાપિત બની છે. જિંદગીભર
મહેનત કરીશ ત્યારે એમાંથી તું ખાવા પામીશ.
18 એમાં કાંટા અને ઝાંખરાં ઊગશે, અને તારે
જંગલી છોડવા ખાઈને પેટ ભરવું પડશે. 19 તું
ધરતીમાંથી પેદા થયો છે એટલે પાછો ધરતીમાં
મળી જાય ત્યાં સુધી તારે માથાનો પસીનો
ઉતારીને રોટલો ખાવો પડશે. તું માટીનો બનેલો
છે ને પાછો માટીમાં મળી જવાનો છે."
20 આદમે પોતાની વહુનું નામ હાવા
(જીવી) પાડયું, કારણ, તે બધા માનવજીવોની
જનેતા હતી. 21 પછી પ્રભુ પરમેશ્વરે આદમ
અને તેની વહુ માટે ચામડાંનાં વસ્ત્રો બનાવ્યાં
અને તેમને પહેરાવ્યાં.
22 પછી પ્રભુ પરમેશ્વરે કહ્યું, "હવે
માણસ મારા જેવો જ થઈ ગયો છે; તેને સારા-
સારનું જ્ઞાન થયું છે. હવે એમ ન થવું જોઈએ કે
એ હાથ લંબાવીને જીવનના વૃક્ષનાં ફળ તોડીને
ખાય અને અમર બની જાય. 23 આથી પ્રભુ
પરમેશ્વરે જે ધરતીમાંથી એને પેદા કર્યો હતો
તેને ખેડવા એદનના બગીચામાંથી એને કાઢી
મૂકયો.
24 માણસને હાંકી કાઢયા પછી જીવનના
વૃક્ષના રસ્તાની ચોકી કરવા તેણે એદનના
બગીચાની પૂર્વમાં કરુબોને[1] મૂકયા અને સતત
વીંઝાતી એક જ્વાળામયી તલવાર મૂકી.

## કાઈન અને હાબેલ

Imprimatur:
✠ C. Gomes S. J.
Bishop of Ahmedabad
Ahmedabad, 12-8-80.

© Gujarat Sahitya Prakash,
Anand, 1981
Published by Fr. X. Diaz del Rio S. J.,
Gujarat Sahitya Prakash, Anand, 388 001
Printed by S. Abril S. J., Anand Press, Gamdi-Anand.